647510 **BA02GujC104B** **Seat No :________**

**B.A. Semester - 2 (*CBCS*) Examination**

**June/July-2022 [NEW COURSE]**

**GUJARATI P4: GUJARATI VYAKARAN SARJAN LEKHAN KAUSHAL-2(CORE)**

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ નીચે આપેલાં ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

"ખરી કેળવણી તો શાળા છોડ્યા પછી શરૂ થાય છે. જેણે તેની કિંમત જાણી છે તે તો સદાયને માટે વિદ્યાર્થી છે. પોતાનું કર્તવ્ય પાલન કરતાં અને તેના કર્તવ્ય પાલનને અર્થે, તેના જ્ઞાનમાં વૃધ્ધિ થવી જ જોઈએ. કેળવણીની પ્રગતિમાં એક વસ્તુ રોકનારી થઈ પડી છે. શિક્ષક વિના શિક્ષણ લેવાય જ નહીં એ વહેમ સમાજની વૃદ્ધિને રૂંધી નાંખે છે. મનુષ્યનો ખરો શિક્ષક તે પોતે જ છે. આજકાલ શિક્ષણ પોતાની મેળે મેળવવાનાં સાધનો પુષ્કળ થઈ પડયાં છે. અનેક વસ્તુનું જ્ઞાન સહુ ખંતથી મેળવી શકે છે, અને જ્યાં શિક્ષકની જરૂર પડે છે ત્યાં પોતે મેળવી લે છે. અનુભવ એ મોટામાં મોટી નિશાળ છે. અનેક ધંધા તો શાળામાં ન શિખાય, પણ તે ધંધાના કૌશલ દુકાનમાં કે કારખાનામાં શિખાય છે, શાળાનું જ્ઞાન પોપટીયું હોય છે. એટલે મોટી ઉંમરે પહોંચેલાને માટે શાળાની જરૂર કરતાં ઈચ્છાની, ખંતની અને આત્મવિશ્વાસની જરૂર છે."

-ગાંધીજી

અથવા

પ્રશ્ન.૧ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો.

"આપણને જે જરૂર છે તે બળની છે. તમે તમારી જાતમાં આત્મશ્રધ્ધા પ્રગટાવો. આપણે આત્મશ્રધ્ધા ખોઇ બેઠાં છીએ અને તેથી જ ગુપ્તવિદ્યા, રહસ્યવિદ્યા અને છાની છાની બાબતો આપણામાં ઘૂસતી આવે છે. તેમાં કદાચ સત્ય હશે, પણ એ બધી વિદ્યાઓએ આપણને નિર્માલ્ય બનાવી દીધાં છે. તમારા જ્ઞાનતંતુઓને મજબૂત બનાવો. આજે આપણને જરૂર છે લોખંડી સ્નાયુઓની અને પોલાદી જ્ઞાનતંતુઓની. ઘણાં કાળ સુધી આપણે રોતલ રહ્યાં છીએ. હવે રોવાનું છોડી દઈને તમે તમારા પગ ઉપર ખડા થાઓ અને મર્દ બનો. મર્દ બનાવનારા ધર્મની આપણને જરૂર છે. મર્દ બનાવનારા સિધ્ધાંતની આપણને જરૂર છે."

-સ્વામી વિવેકાનંદ

પ્રશ્ન.૨ નીચે આપેલા ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. (૧૪)

"માનવને વધારે સંસ્કારી, વધારે સુંદર, વધારે શક્તિશાળી બનાવવા માટે ધર્મ છે. એટલે જ્યાં ધર્મ પાળવા માનવને અન્યાય થતો હોય ત્યાં ધર્મને સાધનરૂપ માની પુનર્યોજના કરવી ઘટે. સઘળા ધર્મો માનવધર્મ શીખવા માટે છે. માનવ પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન કરાવે, જુદાઈ શિખવાડે, માનવને હલકો ગણતાં શિખવાડે, એ સઘળી વાતો ધર્મની ન હોઇ શકે. મનુષ્ય ધર્મ પાળે છે તે પોતાની જાતને ઊંચી ઠરાવવા માટે નહીં, ખરેખર ઊંચી બનાવવા માટે. અને એવી શ્રેષ્ઠ મનોદશા પ્રાપ્ત કરવા માટે એનો જે ધ્યેયમંત્ર હોઈ શકે તે આટલો જ હોય: 'હું માનવ છું, માનવધર્મ સમજું અને માનવ માટે જીવું' કારણ કે સઘળા ધર્મો મહાન છે. પણ માનવધર્મ એથી પણ મહાન છે. જેમ સાચી મહત્તા સાદી હોય છે એમ આ માનવધર્મ પણ સાદો છે."

-ધૂમકેતુ

અથવા

પ્રશ્ન.૨ નીચે આપેલા ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો.

"તમને ઠીક લાગે તો નાસ્તિક બનો, પણ વિચાર કર્યા વિના કોઈ વસ્તુ માની ન લો. આત્માને પશુની કક્ષાએ નીચો શા માટે ઉતારવો? આથી તમે તમારી જાતને જ નહીં પરંતુ સમાજને પણ નુકસાન પહોંચાડી શકો છો. જાગો અને અંધશ્રધ્ધા રાખ્યા સિવાય બુધ્ધિપૂર્વક વિચાર કરો. ધર્મ એ માન્યતાનો નહીં પણ અનુભવવાનો વિષય છે. આ ધર્મ છે અને તમે જ્યારે તેને પામો ત્યારે જ ધર્મ લાદ્યો ગણાય. તે પહેલાં તમે પશુઓથી જરાય ઊંચા નથી. મહાન બુધ્ધ કહે છે: 'તમે જે સાંભળ્યું હોય એમાં શ્રધ્ધા ન રાખો. કોઇ વિધાનો પેઢીઓથી ચાલ્યા આવ્યા છે માટે તેમાં ન માનો. તમે જે સત્યથી ટેવાઈ ગયા હો તો પણ ન માનો, તમારા વડીલો અને ગુરુઓનો આદેશ છે માટે પણ ન માનો, પણ તમારી જાત વિશે વિચાર કરો'."

-સ્વામી વિવેકાનંદ

પ્રશ્ન.3 ગુજરાતી ભાષાના વિવિધ વિરામચિહ્નોને ઉદાહરણ સહિત સમજાવો. (૧૪)

અથવા

પ્રશ્ન.3 નીચેના વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી ફરીથી લખો.

(1) તું કેટલો લેવાઈ ગયો છે ઓળખાતોય નથી
(2) શું તેઓ ગયા
(3) ના, એ નોટબુક તમારી છે.
(4) મા એ મા
(5) ગિરનાર જાણે કે નિદ્રાધીન ઋષિ
(6) તમારાથી આવુ કામ થાય
(7) તમે મારી વાત સાંભળો છો કે

પ્રશ્ન.૪ નીચે આપેલી કહેવતોના અર્થ આપો. (૧૪)

(1) ઘેર ઘેર માટીના ચૂલા
(2) એક સાંધીએ ત્યાં તેર તૂટે
(3) પારકી મા કાન વિંધે
(4) ઉતાવળે આંબા ન પાકે
(5) દુકાળમાં અધિક માસ
(6) ચોર કોટવાળને દંડે.
(7) બાંધી મૂઠી લાખની

અથવા

પ્રશ્ન.૪ સમાસ રચના એટલે શું? સમજાવો.

પ્રશ્ન.૫ નીચે આપેલા ચાર માંથી કોઈ બે ના જવાબ લખો. (૧૪)

(1) સાત રૂઢિપ્રયોગો જણાવી તેના અર્થો આપો.
(2) બહુવ્રીહિ સમાસના સાત ઉદાહરણો આપો.
(3) કર્મધારય સમાસના સાત ઉદાહરણો આપો.
(4) દ્વન્દ્વ સમાસના સાત ઉદાહરણો આપો.

***********************************